|| ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ સત્યધર્મપરાયણાય નમ: || (૩)

સત્યધર્મના પરાયણ (સત્યધર્મ પરાયણ) એવા
શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ધર્મ-સદાચાર,
પરાયણ-પરમોચ્ચ આશ્રયસ્થાન

એટલે જ આત્મ સાક્ષાત્કારમાંથી પ્રાપ્ત થયેલા સત્ય અને સદાચારી કર્તવ્ય એનું પરમોચ્ચ આશ્રયસ્થાન એવા શ્રી સાઈને અમે વંદન કરીએ છીએ.

ભગવાને જ્યારે જ્યારે અવતાર ધારણ કર્યો ત્યારે દરેક વખતે સત્ય અને ધર્મને પ્રાધાન્ય આપ્યું છે. રામાયણમાં પિતા, માતા, પુત્ર, બંધુ, પતિ, રાજાના વિવિધ કર્તવ્યો કહ્યા છે અને પ્રભુ રામચંદ્રએ પુત્ર, પતિ, બંધુ, રાજાને નાતે પ્રત્યેક કર્તવ્યનું પાલન કરીને બધાની સામે આદર્શ નિર્માણ કર્યો છે.

શ્રી કૃષ્ણ અવતારમાં ભગવાને ધર્મ એટલે કર્તવ્ય, સદાચારનું અનેક જગ્યાએ વર્ણન કર્યું છે. જેમકે-

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।

શ્રેયાન્વધર્મો વિગુણઃ પરધર્માસ્વનુષ્ટિતા
સ્વધર્મે નિધનું શ્રેય પરધર્મો ભયાવહઃ ।।

એટલે સુખેથી આચરેલા પરધર્મ કરતા ગુણમાં ઓછો હોય તો પણ સ્વધર્મ જ આચરવો શ્રેયસ્કર છે. (એમાં જ સાચું શ્રેય છે.) સ્વધર્મમાં આવેલું મરણ કલ્યાણકારક છે. પરધર્મનું આચરણ ઘાતક છે. અર્થાત્ અહિંયાં ધર્મ એટલે સદાચાર, કર્તવ્ય એ જ અર્થ ભગવાનને અપેક્ષિત છે.

એટલું જ નહીં પણ, ભક્તોને અભય આપતા, શ્રીકૃષ્ણ કહે છે કે-

'સર્વ ધર્માન્ પરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ,

એટલે બધા કર્તવ્ય છોડીશ તો પણ ચાલશે, મારા શરણમાં આવ. હું જે ઉપદેશ કરું છું, તેનું પાલન કર એવો આનો ભાવાર્થ છે.

સાઈના શિરડી અવતારની આ એક અર્થપૂર્ણ વાત છે. સાઈનાથની એક વૈશિષ્ટયપૂર્ણ ટેવ હતી. ક્યારેક તે જે કહેતા ( બોલતા) તે આજુબાજુના બધા લોકોને સમજાય, એવું નહીં, પણ જેને માટે તે બોલતા તે વ્યક્તિન માત્ર તે પોતાને ઉદ્દેશીને કહે છે ( બોલે છે), તેને બરાબર સમજાતું.

આ જ રીતે એક વખત સાઈનાથ દ્વારકામાઈમાં બેસીને આજુબાજુના ભક્તો સાથે સંભાષણ કરી રહ્યા હતા. એટલામાં એક અજાણી વ્યક્તિ સાઈનાથના દર્શન માટે આવી. બાબાને જોઈને દ્વારકામાઈના પગથિયાં ચઢવા લાગી, એટલામાં જ બાબાએ ગર્જના કરી – " થોભી જા. ઉપર ચઢીશ નહીં." આ અનપેક્ષિત વાક્યને લીધે તે જ અન્ય ભક્તો પણ ચૂપ થઈ ગયા અને બાબાને નિહાળવા લાગ્યા. તે વ્યક્તિએ થોડી વાર પછી ફરીથી દ્વારકામાઈના પગથિયાં ચઢવાનો પ્રયત્ન કર્યો, પણ ત્યારે બાબા અતિશય ક્રોધે ભરાયા. તેમના હાવભાવ અને આંખો ક્રોધથી લાલ થઈ ગયા અને તે બોલ્યા-"ત્યાં જ થોભી જા, ઉપર ચઢીશ નહીં. બાપ વેચીને આવ્યો છે ને?" આ સાંભળતા જ તે વ્યક્તિ શરમાઈ ગઈ અને નીચું જોઈને ત્યાંથી નીકળી ગઈ. કોઈને જ આ વાક્યનો અર્થ બોધ થયો નહીં. તે વ્યક્તિ પાસે પૂછપરછ કરતા ખબર પડી કે, તેણે હમણાં જ ધર્માંતર કર્યું હતું અને સાઈના દર્શન માટે આવી હતી, આ વાત કોઈને જ ખબર નહોતી. પરંતુ સર્વધર્મની ઉત્પત્તિ જે સાઈમાંથી થયેલી છે તેવા સાઈથી આ વાત કેમ છૂપી રહી શકે? સર્વધર્મ જો એક જ એટલે પ્રેમનું (શિક્ષણ) આપતા હોય, તો જે ધર્મમાં જન્મ લીધો છે, તેમાં જ રહીને કર્તવ્ય કરવાનું છોડીને આ વ્યક્તિએ ગાંડપણ કર્યું હતું જે સાઈને ગમ્યું નહોતું.

સાંપ્રતના સાઈ અવતારમાં સ્વામી કહે છે-"મારું જીવન એ જ મારો સંદેશ". દસ વર્ષની ઉંમરે તેમણે ઈશ્વરમાને કહ્યું હતું – " હું સેવા કરવા માટે જ જન્મ્યો છું" (મેં જન્મ લીધો છે.) વિશ્વનો ઉદ્ધાર કરવાનું કામ તેમણે અવિરતપણે ચાલુ રાખ્યું છે. સ્વામી કહે છે-"ધર્મનું પાલન કરવું એ સનાતન ધર્મ છે. જે ધર્મનું પાલન કરવાનું રોકશો (થોભો), તો ગડબડ નિર્માણ થશે."

ભગવાને કહ્યું છે –

ये तु धामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्धाना मत्परमा भक्तास्तऽतीव मे प्रियाः ।।

યે તુ ધર્મામૃતમિદં યથોક્ત પર્યપાસતા
શ્રદ્ધાના મત્પરમ ભક્તાસ્તઽતીવમે પ્રિયાઃ |

એટલે-જે મત્પરાયણ ભક્ત (અત્યાર સુધી) કહેલા અમૃતતુલ્ય ધર્મોનું શ્રદ્ધાથી પાલન કરે છે, તે ભક્ત મને અત્યંત પ્રિય છે.

આજે સાઈકૃષ્ણને પણ સદાચારનું આચરણ કરવાવાળા ભક્તો અત્યંત પ્રિય છે.

**॥ ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ॥**